ધૂળેટીમાં ડૂબી જવાને લીધે રાજ્યમાં 25નાં મોત

સૌથી વધુ મૃત્યુ આંક સુરત જિલ્લામાં નોંધાયો

ગાંધીનગર : રંગો અને હર્ષોલ્લાસનો તહેવાર ધૂળેટી આ વર્ષે અમદાવાદ-સુરત સહિત રાજ્યના અનેક જિલ્લાઓમાં કેટલાય પરિવારો માટે માતમનો પર્વ સાબિત થયો હતો. રાજ્યના સુરત, રાજકોટ, અરવલ્લી, મહિસાગર, મહેસાણા, દેવભૂમિ દ્વારકા, નર્મદા, અમદાવાદ અને અમરેલી સહિતના જિલ્લાઓમાં નદી, તળાવ અને કેનાલમાં ન્હાવા ગયેલા કિશોરો અને યુવકો ડૂબી જવાના બનાવોમાં કુલ 25 લોકોના મોત થયા હોવાનું સામે આવ્યું છે.

અમદાવાદ જિલ્લાના માંડલમાં તળાવમાં ન્હાવા ગયેલા ત્રણ લોકો ડૂબી જતા તેમનાં મૃત્યુ થયા હતાં. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો અને બચાવદળે મૃતદેહોને બહાર કાઢી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. સુરત જિલ્લામાં સૌથી વધુ દુર્ઘટનાઓ સામે આવી છે. માંગરોળ તાલુકાના પાનસરા ગામે કીમ નદીમાં ન્હાવા ગયેલા ત્રણ યુવાનો ડૂબી જતા મોતને ભેટ્યા હતા. જ્યારે બારડોલીમાં પણ ત્રણ લોકો ડૂબી જતા સુરત જિલ્લામાં કુલ 6 લોકોના મૃત્યુ નોંધાયા છે.

તેવી રીતે અરવલ્લી જિલ્લામાં ધનસુરા અને માલપુર વિસ્તારમાં તળાવમાં ન્હાવા ગયેલા ચાર લોકો ડૂબી જતા મોત થયા છે. ધનસુરામાં બે અને માલપુરમાં બે લોકોના કરુણ મોત થયા હોવાનું જાણવા મળ્યું છે. મહેસાણા જિલ્લાના મોટીદાઉ ગામ નજીક કેનાલમાં ન્હાવા ગયેલા યુવાનોમાંથી બે યુવાનોના ડૂબી જવાથી મૃત્યુ થયા હોવાનું જાણવા મળ્યું છે.

આ ઘટના અંગે મળતી માહિતી મુજબ મોટીદાઉ ગામ નજીક કેનાલમાં ન્હાવા ગયેલા યુવાનોમાંથી કેટલાક યુવાનો પાણીમાં ડુબવા લાગતા તેની જાણ આસપાસના લોકો, સ્થાનિક તરવૈયાઓ તાત્કાલિક સ્થળ પર પહોંચી બચાવ કામગીરી હાથ ધરી હતી. જેમાં ભારે જહેમત બાદ ચાર પૈકી બે યુવાનોને સલામત રીતે બહાર કાઢી લેવામાં આવ્યા હતા, જ્યારે બે યુવાનોને બચાવી શકાયા નહોતા, તેમનું ડૂબી જવાથી મૃત્યુ થયું હતું.

મહિસાગર જિલ્લાના કોઠંબા વિસ્તારમાં બે લોકો તળાવમાં ડૂબી જતા મોતને ભેટ્યા હતા. જ્યારે મહેસાણા જિલ્લાના મોટીદાઉ ગામ નજીક સુજલામ સુફલામ કાચી કેનાલમાં ન્હાવા ગયેલા યુવાનોમાંથી ચાર યુવાનો ડૂબવા લાગ્યા હતા. સ્થાનિક તરવૈયાઓની મદદથી બે યુવાનોને બચાવી લેવામાં આવ્યા હતા, જ્યારે બે યુવાનોના મોત થયા હતા. નર્મદા જિલ્લાના સિસોદરા અને ઓરી ગામ વચ્ચે પસાર થતી નર્મદા નદીમાં ન્હાવા પડેલા ત્રણ યુવકોના ડૂબી જવાથી કરુણ મોત થયા હતાં. આ મળતી માહિતી મુજબ, આ ત્રણેય યુવકો વડોદરાના કારવણ વિસ્તારમાંથી સિસોદરા ગામે AC રિપેરિંગના કામ માટે આવ્યા હતા. બપોરના સમયે ગરમીથી રાહત મેળવવા નદીમાં ન્હાવા ઉતરતાં એક યુવક ડૂબવા લાગ્યો હતો. તેને બચાવવાના પ્રયાસમાં અન્ય બે મિત્રો પણ પાણીના પ્રવાહમાં ખેંચાઈ જતા ત્રણેય યુવકનું મૃત્યુ થયું હતું. આ ઘટનાને પગલે રાજપીપલા ફાયર વિભાગ અને NDRFની ટીમ સ્થળ પર પહોંચી કામગીરી હાથ ધરી હતી.

રાજકોટ જિલ્લાના જામકંડોરણાના બેલા ગામે ધૂળેટીના પર્વે બનેલી દુર્ઘટનામાં બે સગીરોના ડૂબી જવાથી મૃત્ય થયું હતું. રંગ બેરંગી કલરથી ધૂળેટી રમ્યા બાદ નદીમાં ન્હાવા ગયેલા 13 વર્ષીય મહાવિરસિંહ, તથા આયુષ નામના બે કિશોર ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. સ્થાનિક ગ્રામ લોકોએ તરવૈયાઓની મદદથી કિશોરને બહાર કાઢી ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતા, જ્યાં તબીબે બંનેને મૃત જાહેર કર્યા હતા.

અમરેલી જિલ્લામાં ધૂળેટી રમ્યા બાદ મિત્રો સાથે શેત્રુંજી નદીમાં કેટલાક કિશોર, યુવાનો નદીમાં ન્હાવા પડ્યા હતા. જેમાં સમીર સોલંકી નામના યુવકનું પાણીના ઊંડા પ્રવાહમાં ગરકાવ થવાથી મૃત્યુ થયું હતું. દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના કબીરનગર વિસ્તારમાં આવેલ તળાવમાં ધૂળેટી રમ્યા બાદ ન્હાવા ગયેલા એક કિશોરનું ઊંડા પાણીમાં ગરકાવ થતાં મોત થયું હતું. મિત્રો સાથે તળાવમાં ઉતરેલા કિશોરને બચાવી શકાયો નહોતો, જેના કારણે પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

BCGની ચૂંટણીમાં વકીલ ઝકી શેખને દ.ગુ.ના વકીલોના સમર્થનનો દાવો

સીરિયલ નં.82ના ઉમેદવાર ઝકી શેખના વેલફેરની રકમ, વકીલોની સલામતી, પાર્કિંગની સમસ્યા, કાઉન્સિલની કામગીરીનો વિસ્તારના નક્કર મુદ્દાઓનો વ્યાપક સ્વીકાર

પ્રમાણિકતા, સાદગી અને સતત મહેનત કરવાની સાથે વકીલ સમાજ પ્રત્યેની ઝકી શેખની પ્રતિબદ્ધતાને વકીલોએ સ્વીકારી

સુરત: આખા ગુજરાતના વકીલોને આવરી લેતી ગુજરાત બાર કાઉન્સિલની આવતીકાલે તા.6ઠ્ઠી માર્ચના રોજ ચૂંટણી છે ત્યારે આ ચૂંટણીમાં સુરતમાંથી મેદાને ઉતરેલા અનેક ઉમેદવારોમાં સૌથી યુવાન ઉમેદવાર તરીકે જાણીતા એડવોકેટ ઝકી મુખત્યાર શેખને વ્યાપક સમર્થન મળી રહ્યું છે.

સીનિયર ચંદ્રકાંત ગાંધી અને મનિષ ગાંધીના હાથ નીચે તૈયાર થયેલા ઝકી શેખના પિતા જાણીતા એડવોકેટ મુખત્યાર શેખ છે. જ્યારે તેમના ભાઈ યાહ્યા શેખ પણ જાણીતા એડવોકેટ છે. ભૂતકાળમાં સને 24-25માં ગુજરાત બાર કાઉન્સિલમાં કો-ઓપ. સભ્ય તરીકે શિસ્ત સમિતીમાં રહેનાર ઝકી શેખને રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી તેમજ વકીલ મિત્રો, સિનિયર એડવોકેટ્સ અને યુવા વકીલો દ્વારા છેલ્લા કેટલાક દિવસોમાં ઉત્સાહજનક અને વ્યાપક પ્રતિસાદ મળી રહ્યો છે. ઝકી શેખની પ્રામાણિકતા, સાદગી, સતત મહેનત, અને વકીલ સમાજ પ્રત્યેની પ્રતિબદ્ધતાને ધ્યાનમાં રાખીને ઘણા વકીલ મિત્રો દ્વારા તેમને સમર્થન વ્યક્ત કરવામાં આવ્યું હોવાનું વકીલ આલમમાંથી જાણવા મળી રહ્યું છે.

પ્રચાર દરમિયાન ઝકી શેખ દ્વારા વકીલોના પાયાના પ્રશ્નો જેવા કે વકીલોને હાલમાં ગુજરાત બાર કાઉન્સિલમાંથી તેમના મોત બાદ મળતી વેલફેરની રકમ 35 વર્ષથી પ્રેકટિસ કરનાર અને જેને કાનૂની વારસદાર નથી તેવા વકીલોને મળેથી માંડીને વેલફેર ટિકીટ રદ કરવી, સરકાર પાસેથી દર વર્ષે 5 કરોડનું ભંડોળ લેવું, 65 વર્ષથી વધુની વય ધરાવતા વકીલોને વેલફેર ફીમાંથી મુક્તિ, વકીલોની સલામતી અને ગુનો નોંધતા પહેલા મંજૂરી, એડવોકેટને સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર આપવાથી માંડીને હાઈકોર્ટમાં ડિજિટલ કામગીરીમાં વકીલોને પડતી મુશ્કેલી તેમજ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની પ્રક્રિયા સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત સુધી પણ વિકશે વિગેરેને વકીલો દ્વારા વ્યાપક સમર્થન મળ્યું છે.

ઉપરાંત સુરત સહિતની તમામ કોર્ટોમાં પાર્કિંગની સમસ્યાનો ઉકેલ લાવવો, કોર્ટ કેમ્પસમાં નિર્ધારીત પાર્કિંગ ઝોન, બાર કોડ આધારીત એન્ટ્રી તેમજ જ્યાં શક્ય હોય ત્યાં સ્માર્ટ અથવા તો ડિજિટલ પાર્કિંગ સિસ્ટમ અમલમાં લાવવા માટે પણ વકીલો ઝકી શેખને સમર્થન આપી રહ્યા છે.

એડવોકેટ ઝકી મુખ્તિયાર શેખ છેલ્લા ઘણા સમયથી વકીલ સમાજના પ્રશ્નો અને હિતોને ધ્યાનમાં રાખીને સતત કાર્યરત રહ્યા છે. તેમની સમર્પિતતા, કાર્યશૈલી અને સંવાદક્ષમતાને કારણે સમગ્ર ગુજરાતના વકીલ સમાજમાં તેઓ પ્રત્યે વિશ્વાસ અને આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. વકીલ ઝકી શેખ દ્વારા પોતાને મળેલા પ્રતિસાદનો આભાર વ્યક્ત કરવાની સાથે સાથે આવતીકાલની ચૂંટણીમાં તેમને મતપત્રકમાં સીરિયલ નં.૮૨ પર પ્રથમ પસંદગીનો મત આપીને સમર્થન આપવાની અપીલ પણ કરવામાં આવી છે.

'અક્ષરમ્ અહં પુરુષોત્તમ દાસોસ્મિ'

ઉચ્ચ શિક્ષિત ૩૩ યુવાનો BAPSની સંત પરંપરામાં જોડાયા

ડોક્ટર, આર્કિટેક્ટ અને ૧૩ એન્જિનિયરો સહિત ૩૩ યુવાનોએ ત્યાગનો માર્ગ સ્વીકાર્યો

ગાંધીનગર : સાળંગપુરમાં BAPS સ્વામિનારાયણ સંસ્થાના વડા પરમ મહંત સ્વામી મહારાજની નિશ્રામાં ઐતિહાસિક 'ભાગવતી દીક્ષા (સંત દીક્ષા) મહોત્સવ'માં ૩૩ નવયુવાન સુશિક્ષિત પાર્ષદોને પ.પૂ. મહંત સ્વામી મહારાજના વરદ હસ્તે સંત દીક્ષા પ્રદાન કરવામાં આવી હતી. આ ૩૩ યુવાનોએ બે વર્ષ પૂર્વે પાર્ષદી દીક્ષા પ્રાપ્ત કરી હતી.

દીક્ષિત થયેલા આ ૩૩ યુવાનો ભૌતિક અને શૈક્ષણિક રીતે અત્યંત સમૃદ્ધ બેકગ્રાઉન્ડ ધરાવે છે. જેમાં ૧૩ એન્જિનિયર્સ, ૧૧ ગ્રેજ્યુએટ્સ, ૩ માસ્ટર્સ ડિગ્રી ધારક, ૧ ડોક્ટર, ૧ આર્કિટેક્ટ અને અન્ય ઉચ્ચ અભ્યાસ ધરાવતા ૪ યુવાનોનો સમાવેશ થાય છે. આ નવદીક્ષિત સંતોમાં કેનેડામાં ઉછરેલા ૪ NRI યુવાનોનો પણ સમાવેશ થાય છે. તેઓએ પોતાની ઉજ્જવળ કારકિર્દી અને ભૌતિક સુખોને તિલાંજલિ આપીને ભારતીય સંસ્કૃતિની મહાન ત્યાગ પરંપરા સહર્ષ અપનાવી છે. આ યુવાનોનું સમર્પણ આજના ભૌતિકવાદી યુગમાં સમાજ માટે એક પ્રેરણારૂપ ઉદાહરણ પૂરું પાડે છે.

દીક્ષા મહોત્સવનો પ્રારંભ વહેલી સવારે ૬ વાગ્યે વૈદિક મહાપૂજા વિધિથી થયો હતો. દીક્ષા સમારોહ અંતર્ગત વરિષ્ઠ સંતોએ નવદીક્ષિતોને કંઠી, ઉપવસ્ત્ર અને પાઘ ધારણ કરાવી હતી તેમજ ભાલ અને બંને હાથે ચંદનની અર્ચા કરી હતી. ત્યારબાદ, મહંત સ્વામી મહારાજે નવદીક્ષિત સંતોને 'અક્ષરમ્ અહં પુરુષોત્તમ દાસોસ્મિ' (અર્થાત્: હું અક્ષર છું અને પુરુષોત્તમનો દાસ છું)નો ગુરુમંત્ર આપી આશીર્વાદ પાઠવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે બે દિવસ પૂર્વે મહંતસ્વામી મહારાજે ૨૯ યુવાનોને પાર્ષદી દીક્ષા આપી હતી. આજની દીક્ષા સાથે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના વરદ હસ્તે અત્યાર સુધીમાં કુલ ૩૫૨ યુવાનો દીક્ષિત થયા છે. આ સાથે જ BAPS સંસ્થાના સંતોની કુલ સંખ્યા ૧૨૩૪ના આંકડા પર પહોંચી છે.

ધૂળેટીમાં ઈમરજન્સી કોલમાં 22.20%નો વધારો

રાત્રે 9 વાગ્યા સુધીમાં ઇમરજન્સી કોલની સંખ્યા 4,890 પર પહોંચી

અરવલ્લી જિલ્લામાં સૌથી વધુ 68.05 ટકા વધારો નોંધાયો

અમદાવાદ, તા. 5: રાજ્યભરમાં ધૂળેટીના તહેવાર દરમિયાન સામાન્ય દિવસોની તુલનાએ આકસ્મિત બનાવો (ઈમરજન્સી કોલ)ની સંખ્યામાં નોંધપાત્ર વધારો નોંધાયો છે. ધૂળેટીના દિવસે રાત્રે 9 વાગ્યા સુધીમાં ઈમરજન્સી કોલની સંખ્યા 4,890 પર પહોંચી હતી, એટલે કે સામાન્ય દિવસોની તુલનામાં 22.20 ટકાનો વધારો નોંધાયો હતો.

ઈમરજન્સી સેવા 108ના સુત્રોના જણાવ્યા પ્રમાણે જિલ્લાવાર આંકડા પર નજર કરીએ તો અરવલ્લી જિલ્લામાં સૌથી વધુ 68.05 ટકા વધારો નોંધાયો છે, જ્યાં સામાન્ય દિવસોમાં 48 બનાવોની સામે ધૂળેટીના દિવસે 81 બનાવો નોંધાયા છે. તે જ રીતે ડાંગ જિલ્લામાં 62.01 ટકા વધારો નોંધાયો છે. સુરત જિલ્લામાં પણ નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. સામાન્ય દિવસોમાં 369 બનાવોની સામે ધૂળેટીના દિવસે 581 બનાવો નોંધાતા 57.42 ટકાનો વધારો નોંધાયો છે. મોરબી જિલ્લામાં 50.30 ટકા અને પંચમહાલ જિલ્લામાં 44.09 ટકાનો વધારો નોંધાયો છે. આ ઉપરાંત વલસાડમાં 37.72%, દેવભૂમિ દ્વારકામાં 37.72%, મહિસાગરમાં 36.86%, ભરૂચમાં 30.54%, દાહોદમાં 29.13% અને તાપીમાં 29.74% બનાવોની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. રાજ્યમાં મોટા શહેરોમાં આકસ્મિત ઘટનાના બનાવોની સંખ્યા પણ વધારો નોંધાયો છે. અમદાવાદ જિલ્લામાં સામાન્ય દિવસોમાં 767 બનાવોની સામે ધૂળેટીના દિવસે 908 બનાવો નોંધાતા 18.37 ટકા વધારો થયો છે. વડોદરા જિલ્લામાં 22.79 ટકા અને રાજકોટ જિલ્લામાં 13 ટકા વધારો નોંધાયો છે. બીજી તરફ કેટલાક જિલ્લાઓમાં બનાવોની સંખ્યામાં ઘટાડો પણ નોંધાયો છે. જૂનાગઢ જિલ્લામાં 9.01 ટકા ઘટાડો નોંધાયો છે, જ્યારે આનંદ જિલ્લામાં 14.81 ટકા અને સુરેન્દ્રનગર જિલ્લામાં 7.42 ટકા ઘટાડો નોંધાયો છે. બોટાદ જિલ્લામાં પણ લગભગ 10.22 ટકા ઘટાડો નોંધાયો છે. આંકડાઓ પરથી સ્પષ્ટ થાય છે કે ધૂળેટીના દિવસે રાજ્યભરમાં સામાન્ય દિવસોની તુલનાએ બનાવોની સંખ્યામાં વધારો નોંધાયો છે, જેમાં કેટલાક જિલ્લાઓમાં આ વધારો ખાસ કરીને વધુ જોવા મળ્યો છે.

CID ક્રાઈમના સાઈબર સેન્ટર ઓફ એક્સલન્સનો મોટો ધડાકો

વિદેશમાં નોકરીના બહાને યુવાનોને 'સાયબર ગુલામ' બનાવતા આંતરરાષ્ટ્રીય રેકેટનો પર્દાફાશ

સુરતના જ બે સાયબર માફિયાઓ ઝડપાયા

ગાંધીનગર : ગુજરાત સીઆઈડી ક્રાઈમના સાઈબર સેન્ટર ઓફ એક્સલન્સ દ્વારા આંતરરાષ્ટ્રીય સ્તરે ચાલતા એક અત્યંત ગંભીર 'સાયબર સ્લેવરી' (Cyber Slavery) રેકેટનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. આ ગેંગ નિર્દોષ ભારતીય યુવાનોને કંબોડિયા અને મ્યાનમાર જેવા દેશોમાં ઊંચા પગારની નોકરીની લાલચ આપી બોલાવતી હતી અને ત્યાં તેમને બંધક બનાવી પરાણે સાયબર ગુનાઓ કરાવતી હતી. આ મામલે પોલીસે બે મુખ્ય આરોપીઓની ધરપકડ કરી છે.

સાઈબર સેન્ટર ઓફ એક્સલન્સના ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ ટેકનિકલ એનાલિસિસ અને બાતમીના આધારે પોલીસે તપાસ હાથ ધરી હતી. જેમાં (૧) ધ્રુવ કનુભાઈ ડોબરિયા (રહે. કામરેજ ચોકડી અને (૨) કૌશિક અશ્વિનભાઈ મનજીભાઈ પેથાણી (રહે. સુદામા ચોક મોટા વરાછા - સુરત - મૂળ વતની - ખામ્ભા - અમરેલી)ની ધરપકડ કરવામાં આવી છે. આ આરોપીઓ સોશિયલ મીડિયાના માધ્યમથી યુવાનોનો સંપર્ક કરતા હતા.

મોડસ ઓપરેન્ડી - લાલચથી ટોર્ચર સુધીની સફર

આરોપીઓ ફેસબુક, ઇન્સ્ટાગ્રામ અને ટેલિગ્રામ પર જાહેરાતો આપીને યુવાનોને કંબોડિયામાં આઈટી કંપની કે ડેટા એન્ટ્રીમાં સારી નોકરી અને મફત રહેવા-જમવાની લાલચ આપતા હતા. જોકે, યુવાનો જેવા ત્યાં પહોંચતા કે તરત જ તેમના પાસપોર્ટ અને મોબાઈલ ફોન જપ્ત કરી લેવામાં આવતા હતા. ત્યારબાદ તેમને એક બંધ કેમ્પસમાં રાખવામાં આવતા અને ભારત પરત આવવાની મનાઈ કરી દેવામાં આવતી.ત્યાં આ યુવાનો પાસે 'સાયબર સ્લેવ' (ગુલામ) તરીકે કામ કરાવીને ભારતીય નાગરિકો સાથે જ સાયબર ફ્રોડ, ફેક ટ્રેડિંગ અને ડિજિટલ અરેસ્ટ જેવા ગુનાઓ આચરવા મજબૂર કરવામાં આવતા હતા. જે યુવાનો કામ કરવાની ના પાડે તેમને શારીરિક અને માનસિક ત્રાસ આપી ટોર્ચર કરવામાં આવતા હતા. વિદેશ પહોંચ્યા બાદ યુવકોના પાસપોર્ટ અને મોબાઇલ ફોન જપ્ત કરી તેમને કેમ્પમાં રાખવામાં આવતા હતા. ત્યારબાદ તેમને ફરજિયાત રીતે ઓનલાઈન સાયબર ફ્રોડ, ક્રિપ્ટોકરન્સી સ્કેમ, ઓનલાઈન ઇન્વેસ્ટમેન્ટ સ્કેમ અને અન્ય ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરવા મજબૂર કરવામાં આવતા હતા. કામ કરવા ઇનકાર કરનાર લોકોને શારીરિક અને માનસિક હેરાનગતિ કરવામાં આવતી હતી અને તેમને બહાર જવા અથવા ભારત પરત આવવાની મંજૂરી આપવામાં આવતી નહોતી. આ ગેંગ આંતરરાષ્ટ્રીય સાયબર ક્રાઇમ સિન્ડિકેટ સાથે જોડાયેલી છે અને મ્યાનમાર, દુબઈ, લાઓસ, થાઈલેન્ડ તેમજ યુએઈ અને શ્રીલંકા જેવા દેશોમાં પણ આ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચલાવી રહી હતી.

આંતરરાષ્ટ્રીય કનેક્શન અને વ્યાપ

સાઈબર સેન્ટર ઓફ એક્સલન્સની તપાસમાં એવી હકીકત બહાર આવી છે કે આ કૌભાંડ માત્ર કંબોડિયા પૂરતું મર્યાદિત નથી, પરંતુ દુબઈ, લાઓસ, વિયેતનામ અને યુએઈ જેવા દેશોમાં પણ ફેલાયેલું છે. આ ટોળકી આંતરરાષ્ટ્રીય સ્તરે આર્થિક લાભ મેળવવા માટે આખું નેટવર્ક ચલાવી રહી છે. સીઆઈડી ક્રાઈમ હવે આ કેસમાં સામેલ અન્ય એજન્ટો અને આંતરરાષ્ટ્રીય કડીઓની ઊંડી તપાસ કરી રહી છે. નાગરિકોને વિદેશમાં નોકરીના બહાને આવતી આવી છેતરામણી જાહેરાતોથી સાવધ રહેવા પોલીસ દ્વારા અપીલ કરવામાં આવી છે.

ક્રોસ્ટ્રેક - 'કૃષ્ટિ'



- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

દરેકરે-ખ્રુ કૌડ્રિ

શબ્દગુંફન - ૭૧૮૩

અરવિંદ એસ. મારૂ



આડી ચાવી
૧. અતિશય, પુષ્કળ (૪)
૪. પત્ની (૩)
૭. અંધારું , અંધકાર (૩)
૯. મુખ, ચહેરો (૩)
૧૦. રહેઠાણ, ભવન (૩)
૧૨. લાગ, અનુકૂળ વખત (૨)
૧૩. સાંકડી શેરી (૨)
૧૪. કસબ, હુન્નર (૨)
૧૫. એક જાતનું કાપડ (૨)
૧૬. ઢીલ, વિલંબ (૨)
૧૮. હોડ, બોલી કરાર (૩)
૨૦. દિવસ (૨)
૨૧. ગભરાટની દોડા દોડ (૩)
૨૪. આનંદ, વિનોદ (૩)
૨૬. અંકુશ (૨)
૨૭. અન્ય પારકું (૨)
૨૯. ફરિયાદ (૨)
૩૦. ખપ, જરૂર (૨)
૩૧. બધે રખડયા કરનાર (૫)
૩૫. પૂરું કરવું તે (૪)

ઊભી ચાવી
૨. સહાય (૩)
૩. બુદ્ધિ (૨)
૪. દબાણ, વજન (૨)
૫. નિકાસ, જાવરો (૩)
૬.ઉપવાસ (૪)
૮. દોસ્ત, સખા (૨)
૧૦. દિવાની જ્યોત (૨)
૧૧. શહેર (૩)
૧૨.શોધ,તપાસ(૩)
૧૫. ફતેહ, વિજય (૨)
૧૬. વાંદરું, કપિ (૩)
૧૭. ઇલાજ, ઉપાય (૨)
૧૯. મનોહર, સુંદર (૨)
૨૧.પાણીનો કુંડ (૨)
૨૨. મજબૂતાઈ (૩)
૨૩. કાર્ય,વરો (૩)
૨૫. મૂર્ખપણું (૩)
૨૭. પારકા પૈસા (૪)
૨૮. દરેક, પ્રત્યેક (૨)
૨૯. દશરથ રામનાં પુત્ર (૨)
૩૨. આનંદ, મોજ (૨)
૩૩. જંગલ (૨)
૩૪. કાળજી, પરવા (૨)



૯૭૧૮ - ખ્રુ ક્રૌડ્રિ

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

સાંધાના દુઃખાવા

રોજ સવારે અને સાંજે ત્રણ ત્રણ ગ્રામ જેટલું હરડે ચૂર્ણ, હુંફાળા પાણી સાથે લો.

રાજ્ય સરકારે આવશ્યક યાદીમાં ૧૫૦ નવી દવાઓનો ઉમેરો કર્યો

ગાંધીનગર : રાજ્યના આરોગ્ય ક્ષેત્રને વધુ સુદ્રઢ બનાવવા માટે રાજ્ય સરકારે આવશ્યક દવાઓની યાદી (EDL)માં નોંધપાત્ર વધારો કર્યો છે. આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૫-૨૬ માટેની આવશ્યક દવાઓની યાદીમાં ૧૫૦ નવી મહત્વપૂર્ણ દવાઓનો ઉમેરો કરવામાં આવ્યો છે.ગુજરાત મેડિકલ સર્વિસીસ કોર્પોરેશન લિમિટેડ દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ની ૧,૩૮૬ દવાઓની સમીક્ષા કર્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. સમીક્ષા દરમિયાન ૫૭ બિનજરૂરી દવાઓને યાદીમાંથી દૂર કરવામાં આવી છે. જેના પરિણામે હવે આવનારા વર્ષ માટે કુલ ૧,૪૭૯ જેટલી સર્જિકલ, ડાયગ્નોસ્ટિક તથા અન્ય જરૂરી દવાઓ દર્દીઓને ઉપલબ્ધ બનશે. આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાએ જણાવ્યું હતું કે રાજ્યના છેવાડાના માનવી સુધી શ્રેષ્ઠ અને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ પહોંચાડવી એ ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારની મુખ્ય પ્રાથમિકતા છે. રાજ્ય સરકાર દર વર્ષે દવાઓની ખરીદી માટે આવશ્યક દવાઓની યાદીનું પુનઃમૂલ્યાંકન કરે છે. આ યાદીમાં સમાવિષ્ટ તમામ દવાઓ અને સર્જિકલ સામગ્રી રાજ્યના ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોમાં આવેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોથી લઈને મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ સુધી તમામ સ્તરે દર્દીઓને વિનામૂલ્યે પૂરી પાડવામાં આવશે. રાજ્યના આવશ્યક દવાઓના લિસ્ટમાં પ્રાથમિક કક્ષાની ૩૭૮, સેકન્ડરી કક્ષાની ૬૨૮ અને ટર્સરી કક્ષાની કુલ ૧,૪૭૫ દવાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

શબ્દગુંફન - ૭૧૮૩

આડી ચાવી
૧. અતિશય, પુષ્કળ (૪)
૪. પત્ની (૩)
૭. અંધારું , અંધકાર (૩)
૯. મુખ, ચહેરો (૩)
૧૦. રહેઠાણ, ભવન (૩)
૧૨. લાગ, અનુકૂળ વખત (૨)
૧૩. સાંકડી શેરી (૨)
૧૪. કસબ, હુન્નર (૨)
૧૫. એક જાતનું કાપડ (૨)
૧૬. ઢીલ, વિલંબ (૨)
૧૮. હોડ, બોલી
કરાર (૩)
૨૦. દિવસ (૨)
૨૧. ગભરાટની દોડા દોડ (૩)
૨૪. આનંદ, વિનોદ (૩)
૨૬. અંકુશ (૨)
૨૭. અન્ય પારકું (૨)
૨૯. ફરિયાદ (૨)
૩૦. ખપ, જરૂર (૨)
૩૧. બધે રખડયા કરનાર (૫)
૩૫. પૂરું કરવું તે (૪)

ઊભી ચાવી
૨. સહાય (૩)
૩. બુદ્ધિ (૨)
૪. દબાણ, વજન (૨)
૫. નિકાસ, જાવરો (૩)
૬.ઉપવાસ (૪)
૮. દોસ્ત, સખા (૨)
૧૦. દિવાની જ્યોત (૨)
૧૧. શહેર (૩)
૧૨.શોધ,તપાસ(૩)
૧૫. ફતેહ, વિજય (૨)
૧૬. વાંદરું, કપિ (૩)
૧૭. ઇલાજ, ઉપાય (૨)
૧૯. મનોહર, સુંદર (૨)
૨૧.પાણીનો કુંડ (૨)
૨૨. મજબૂતાઈ (૩)
૨૩. કાર્ય,વરો (૩)
૨૫. મૂર્ખપણું (૩)
૨૭. પારકા પૈસા
૨૮. દરેક, પ્રત્યેક (૨)
૨૯. દશરથ રામનાં પુત્ર (૨)
૩૨. આનંદ, મોજ (૨)
૩૩. જંગલ (૨)
૩૪. કાળજી, પરવા (૨)

૯૭૧૮ - ખ્રુ ક્રૌડ્રિ

આજનું પંચાંગ

તા. 06/03/2026, શુક્રવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1947
વીર સંવત : 2552 **માસ :** ફાગણ
તિથિ: વદ: ત્રીજ: 17:54 સંક્ષ્ટ ચતુર્થી **ઋતુ :** વસંત
અયન : ઉત્તરાયન
રાષ્ટ્રિય દિનાંક : ફાગણ: 15
નક્ષત્ર : હસ્ત: 09:30 પછી ચિત્રા
યોગ : ગંડ **કરણ:** બવ
રાશિ: કન્યા (પ,ઠ,ણ) 22:21 પછી તુલા (ર,ત)
દિવસ : અશુભ- શ્રી શિવાજી મહારાજ જયંતી તિથિ પ્રમાણે
સુરતમાં સૂર્યોદય : 06:57
સુરતમાં સૂર્યાસ્ત : 18:43
નવકારસી : 07:45
પારસી વર્ષ : 1395 મહેર માસનો 24મોરોજ
મુસલમાન વર્ષ : 1446, રમજાન માસનો 16મો રોજ
દિવસનાં ચોઘડિયાં: ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ,
રાત્રિનાં ચોઘડિયાં: રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ
રાહુ કાળ: સવારે: 10:30 થી 12:00 સુધી

મેષ (અ,લ,ઇ,): ખાવા પીવામાં સાવધાની રાખવી. રંગીન અને રોમેન્ટીક લોકોને મળવાનું બને. નોકરીમાં મદદ મળે.
વૃષભ (બ,વ,ઉ,): પ્રેમમાં વિવાદ થાય. અભ્યાસમાં પ્રગતિ થાય. શેર બજારમાં થતી યોજના પ્રમાણે રોકાણ થાય.
મિથુન (ક,છ,ઘ,): ઘરમાં નવા ફેરફાર, નવુ ફરનીચર કે રંગ-રોગાનનું કામ કરવાની યોજનામાં વડીલોનો સાથ મળે.
કર્ક (ડ,હ,): સાહસિક અને રોમેન્ટીક પ્રવાસનું આયોજન થાય. વિજાતિય મિત્રોનો સાથ મળે. નવા કામમાં પ્રગતિ થાય.
સિંહ (મ,ટ,): ખાવા-પીવામાં મન-પસંદ વ્યજનોનો આનંદ . મિત્રો-પરિવાર સાથે સામાજિક પ્રસંગમાં મળે.
કન્યા (પ,ઠ,ણ,): ઈચ્છિત રસિક પાત્રને મળવાનું બને. નવા ક્રિએટીવ વ